## સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગરની

# સ્વર્ણિમ સાયન્સ કૉલેજમાં ઓરીએન્ટેશન અને વૃક્ષારોપણ









ગાંધીનગર, તા. ૧૩
સ્વર્ણિમ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીની સ્વર્ણિમ સાયન્સ કોલેજ દ્વારા બી. એસ. સી. અને એમ. એસ. સી. બેચનો 'પ્રારંભ ૨૦૧૯' કાર્યક્રમથી શુભારંભ થયો હતો.

૧૪૫થી વધુ વિદ્યાર્થીઓ અને તેમના માતાપિતાએ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમમાં યુનિવર્સિટી, કોલેજ કેમ્પસ, સાયન્સમાં ભણતર અને તેનો ભવિષ્યમાં રહેલો અવકાશ, અત્યાધુનિક ટેક્નોલોજી વિગેરે અંગે પરિચય આપવામાં આવ્યો હતો. કાર્યક્રમ ના અંતે વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

સી.યુ. શાહ સાયન્સ કોલેજના આચાર્ય ડો. કે. એસ. પરીખ આ કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને પોતાની ઈચ્છાશકિતનું મહત્વ, નવીનતાઓ અને દીર્ઘદ્રષ્ટિ અંગે ખૂબ જ જીવંત અને પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું હતું. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડો. સુશીલ કુમાર ઠાકુરે યુનિવર્સિટી અને કોલેજ વિશે જરૂરી માહિતી આપી. તેમણે યુવા વિદ્યાર્થીઓને સફળતા અને સખત મહેનત માટે પ્રેરિત કર્યા હતા. પ્રોવોસ્ટ ડો.બાલા ભાસ્કરને નેતૃત્વ વિશે વાત હતી. મૅનેજિંગ ડિરેક્ટર રિશી જૈને જીવનના સિદ્ધાંતો અને નૈતિક મૂલ્યો વિશે વિદ્યાર્થીઓને વાત કરી હતી.

યુનિવર્સિટીના બીજા અને ત્રીજા વર્ષમાં ભણતા વિદ્યાર્થીઓ એ પોતાના અનુભવો રજુ કાર્ય હતા અને સ્વર્ણિમ સાયન્સ કોલેજનો આભાર વ્યક્ત કર્યો હતો.

સ્વર્ણિમ સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ ડો. હેમંત ચૌબેએ પોતાના પ્રવચનમાં વિદ્યાર્થીઓ અને માતાપિતાને યુનિવર્સિટીની નવી પરીક્ષા પદ્ધતિ (સતત મૂલ્યાંકન પદ્ધતિ) વિષે વિસ્તૃતમાં સરળ શબ્દોમાં માહિતી આપી હતી અને રોજિંદા અભ્યાસ તથા વર્ગમાં હાજરીનું મહત્વ સમજાવ્યું હતું.




ખોખરા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, અમદાવાદ ખાતે ચોથી ઓપન ગુજરાત સ્ટેટ ટેક્વોનડો ચેમ્પિયનશીપનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું, જેમાં ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ, લેકાવાડાના વિદ્યાર્થી હરમીતકુમાર રાજેન્દ્રકુમાર પટેલે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. શાળા પરિવાર વતી તેમને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# બી પી કૉલેજ ઑફ બીબીએ ખાતે સર્ટિફિકેટ કોર્સનો આરંભ કરાયો



ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી. પી. કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ) દ્વારા ધો.૧૨ ઉતીર્ણ વિદ્યાર્થીઓ માટે ૩ મહિનાનો ''એક્ષ્પોર્ટ પ્રોસીઝર એન્ડ ડોક્યુમેન્ટેશન'' સર્ટીફીકેટ કોર્સ શરુ કરવામાં આવ્યો છે, જેમાં હાલ ૨૮ વિદ્યાર્થીઓ જોડાઈ ચુક્યા છે. બેચની શરૂઆત આચાર્ય ડો રમાકાંત પૃષ્ટિની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. તેમણે વિદ્યાર્થીઓને કોર્સમાં જોડાવા માટે અભિનંદન અને કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે શુભકામનાઓ પાઠવી હતી.

## ગુજરાત ઈતિહાસ પરિષદ દ્વારા

# વિસનગર આટ્ર્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ ખાતે અભિલેખાગાર અને ઈતિહાસ વિશે પ્રવચન

**ગુજરાતનાં વિવિધ દેશી રાજ્યોનાં અલભ્ય અને ૧૫૦ વર્ષ કરતાં વધારે જૂના દસ્તાવેજોનું એક પ્રદર્શન પણ કૉલેજમાં યોજાયું**

ગાંધીનગર, તા. ૧૩
ગુજરાત ઈતિહાસ પરિષદ દ્વારા તાજેતરમાં સી સી મહિલા આટ્ર્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વિસનગર ખાતે અભિલેખાગાર અને ઈતિહાસ વિષયે મનનીય પ્રવચન યોજવામાં આવ્યું હતું.

ગુજરાત ઈતિહાસ પરિષદના મંત્રી અને અભિલેખાગાર ખાતાના નિવૃત્ત અધિક્ષક જિતેન્દ્ર વી શાહ દ્વારા આ પ્રવચન આપવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને અભિલેખાગારનો ક્રમિક વિકાસ, રાષ્ટ્રીય અભિલેખાગાર ન્યૂ દિલ્હી તેમજ ઈતિહાસ નિરૂપણમાં દફતરોની અગત્યતા વિશે રસપ્રદ છણાવટ કરી હતી. વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના તેમણે સંતોષકારક ઉત્તરો પણ પાઠવ્યા હતા.

ગુજરાતનાં વિવિધ દેશી રાજ્યોનાં અલભ્ય અને ૧૫૦ વર્ષ કરતાં વધારે જૂના દસ્તાવેજોનું એક પ્રદર્શન પણ કૉલેજ ખાતે યોજવામાં આવ્યું હતું, જેનો વિદ્યાર્થીઓએ રસપૂર્વક લાભ લીધો હતો. પ્રદર્શનમાં મૂકવામાં આવેલ પ્રત્યેક દસ્તાવેજ વિશે વિદ્યાર્થીઓએ માહિતી પણ પ્રાપ્ત કરી હતી. આ ઉદ્‌ઘાટન કૉલેજના આચાર્ય ઍમ ઍફ પટેલ દ્વારા ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



હર્ષિત તરૂણકુમાર શુક્લ
મો. ૭૫૭૨૮ ૮૨૯૦૨



આલાપ ઉપેન્દ્ર પટેલ
પ્રેસ મેનેજર
વડોદરા મ્યુનિ. કોર્પોરેશન
મો. ૯૯૦૪૩ ૫૩૯૩૦



હેમંત દવે
મો. ૯૯૯૮૭ ૨૨૩૪૪



પ્રકાશ એસ અયાચી
મો. ૯૯૨૪૮ ૨૩૭૦૪

# ગુજરાત વિધાનસભા સચિવાલય પૅન્શનર્સ સમાજના વિદ્યાર્થીઓ જોગ

ગાંધીનગર, તા. ૧૩
ગુજરાત વિધાનસભા સચિવાલય પૅન્શનર્સ સમાજ, ગાંધીનગરના વાર્ષિક ઈનામ વિતરણ સમારોહ માટે સમાજના સભ્ય પરિવારોના વિદ્યાર્થીઓને તેમની માર્કશીટ મોકલી આપવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

આ અંગેની એક અખબારી યાદીમાં સમાજના મંત્રી ડી પી પંચાલ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ગુજરાત વિધાનસભા સચિવાલય પૅન્શનર્સ સમાજના પ્રત્યેક પૅન્શનરે પોતાના પૌત્ર અથવા પૌત્રીઓની માર્કશીટ પ્રોત્સાહક ઈનામ માટે મોકલી આપવાની તારીખ અગાઉ ૧૦મી ઑગષ્ટ નિયત કરવામાં આવી હતી, જે લંબાવીને હવે તા. ૧૬મી ઑગષ્ટ કરવામાં આવી છે. ૧૬મી સુધીમાં માર્કીટ મંગળદાસ કે પટેલ (પ્લોટ નં. ૩૧૨/એ-૧, સૅક્ટર-૮, ગાંધીનગર, મો. ૮૩૨૦૦૯૪૭૮૮)ને પહોંચતી કરવા તેમણે અનુરોધ કર્યો છે.

# એસ. જી. પ્રાથમિક શાળામાં ફોટોગ્રાફીનો વર્કશોપ યોજાયો



સર્વ વિધ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.જી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધોરણ- ૫ થી ૮ ના વિધ્યાર્થીઓ માટે ફોટોગ્રાફીનો વર્કશોપ યોજાયો. આ વર્કશોપમાં ગાંધીનગર ફોટોગ્રાફી એસોશિયનના વાઈસ પ્રેસિડેન્ટ કિરણભાઈ ગજ્જરે વિધ્યાર્થીઓને કેમેરા,લેન્સ. સારી ફોટોગ્રાફી કેવી રીતે લઈ શકાય તેમજ ફોટોગ્રાફી ફિલ્ડનું ભવિષ્ય કેવું છે તે વિષે સંપૂર્ણ માહિતી આપી હતી.અંતે વિદ્યાર્થીઓના ફોટોગ્રાફી વિષયક પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું . સહુના સહયોગથી આ કાર્યક્રમ સફળ રહ્યો હતો.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ. વી. ઇંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં રક્ષાબંધનનો તહેવાર ધામધૂમથી ઉજવાઇ ગયો. ભાઈ-બહેનના પવિત્ર પ્રેમના પ્રતિક સમા આ તહેવારની ઉજવણીમાં બાળકો રંગબેરંગી વસ્ત્રો પરિધાન કરી, ઉત્સાહભેર શાળામાં આવ્યા હતા. કન્યાઓને શાળા તરફથી રાખડી આપવામાં આવી હતી, જે તેઓએ પોતાના ભાઈઓના હાથ પર બાંધી, તેમની તંદુરસ્તી તથા દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરી હતી. ભાઈઓએ બહેનોને તેમની રક્ષા કરવાનું વચન આપ્યું હતું. શિક્ષિકાઓએ બાળકોને આ પવિત્ર તહેવારનું મહત્વ સમજાવી આ ઉજવણીમાં સાથ આપ્યો હતો. અંતમાં, તમામ બાળકોને ચોકલેટ દ્વારા મોઢું મીઠું કરાવવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ પ્રિન્સિપાલ જિજ્ઞા દર્પણ બુચના નેતૃત્વ હેઠળ યોજવામાં આવ્યો હતો.


# સાડા ત્રણ કરોડ પાઉન્ડનો કર

બારિસ્ટર થવા સારુ બે વસ્તુની જરૂર હતી. એક તો 'ટર્મ ભરવી' એટલે સત્ર સાચવવાં. વર્ષમાં ચાર સત્ર હોય. એવા બાર સાચવવાં. બીજી વસ્તુ કાયદાની પરીક્ષા આપવી. સત્ર સાચવવાં એનો અર્થ 'ખાણાં ખાવાં', એટલે કે, દરેક સત્રમાં લગભગ ચોવીસ ખાણાં હોય તેમાંથી છ ખાવાં. ખાણાં ખાવાં એટલે ખાવું જ એવો નિયમ નહીં; પન નીમેલે વખતે હાજર થવું ને ખાણું પૂરું થવાનો વખત થાય ત્યાં સુધી બેઠા રહેવું. સામાન્ય રીતે તો સૌ ખાય ને પીએ જ. ખાણામાં સારી સારી વાનીઓ હોય, ને પીવામાં સારો ગણાતો દારૂ હોય. તેનું દામ અલબત્ત આપવાનું જ. તે અઢીથી સાડા ત્રણ શિલિંગ હોય, એટલે બેત્રણ રૂપિયાનું ખર્ચ થયું. આ દામ ત્યાં ઘણું ઓછું ગણાય, કેમ કે બહારની વીશીમાં એવું ખાણું લેનારને દારૂના જ લગભગ એટલા પૈસા પડે. ખાવાના ખર્ચ કરતાં દારૂ પીનારને પીવાનું ખર્ચ વધારે હોય છે એ વાત આપણને હિંદુસ્તાનમાં - જો 'સુધર્યા' ન હોઈએ તો આશ્ચર્યજનક લાગે. મને વિલાયત જતાં આ જ્ઞાનથી પુષ્કળ આઘાત પહોંચેલો; ને દારૂ પીવાની પાછળ એટલા પૈસા બરબાદ કરતાં લોકોનો જીવ કેમ ચાલતો હશે એ ન સમજાતું. પાછળથી સમજતાં શીખ્યો ! હું આરંભકાળમાં કંઈ જ ન ખાતો. કેમ કે મને ખપે એવું તો માત્ર રોતી, બાફેલાં પટેટાં ને કોબી હોય. આરંભમાં તો તે ન ગમ્યાંતેથી ન ખાધાં; પાછળથી જ્યારે તેમાં સ્વાદ જોઈ શક્યો ત્યારે તો બીજી વાનીઓ પણ મેળવવાની શક્તિ મારામાં આવી ગઈ હતી.

**૧૫૦ ગાંધીયાત્રા**

વિદ્યાર્થીઓને સારુ એક જાતનું ખાણું ને 'બેન્ચરો' (વિદ્યામંદિરના વડાઓ)ને સારુ બીજું ને ભારે ખાણું હોય. મારી સાથે એક પારસી વિદ્યાર્થી હતા તે પણ અન્નાહારી બન્યા હતા. અમે બંનેએ અન્નાહારના પ્રચારાર્થે બેન્ચરના ખાણામાંથી અન્નાહારીને ખપતા પદાર્થોની અરજી કરી. તે અરજી મંજૂર રહી, એટલે અમને બેન્ચરના તેબલ ઉપરથી ફળાદિ અને બીજાં શાક મળવા લાગ્યાં.

દારૂ તો મને ન ખપે. ચાર જણ વચ્ચે દારૂની બે બાટલીઓ મળે. એટલે મારી માગણી ઘણી ચોકડીઓમાં થાય. હું ન પીઉં એટલે બાકીના ત્રણ વચ્ચે બે બોટલ 'ઊડે' ના ! વળી આ સત્રોમાં એક ભારે રાત (ગ્રાન્ડ નાઈટ) થાય. તે દહાડે 'પોર્ટ', 'શેરી', ઉપરાંત 'શૅમ્પેન' દારૂ મળે. 'શૅમ્પેન'ની લહેજત કંઈ ઓર જ ગણાય છે. તેથી આ ભારે રાતે મારી કિંમત વધારે અંકાય ને તે રાતે હાજરી ભરવાનું મને નિમંત્રણ પણ મળે.



'સત્યના પ્રયોગો'માંથી સાભાર





શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા સરસ રીતે વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવી છે. રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયં સેવકો દ્વારા પોતાના પરિસરમાં, આજુ બાજુની પ્રાથમિક શાળાઓમાં અને જક્ષણી માતાજીના મંદિરના પરિસરમાં વિવિધ પ્રકારના રોપા જેવાકે લીમડા, આવલાં, લીબું, સપ્તપની, વડ, ગુલમોહર, જાંબુ, મીઠા લીમડા, પામ, બીજોરા અને ફૂલ છોડ જેવાકે જાસુદ, બારમાસી, ચંપો, રાતરાણી, કરણ, ટગર, મધુમાલતીને રોપવાનું કામગીરી કરી છે સાથે સાથે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને આ બાવેલા વૃક્ષો અને ફૂલ છોડને જતન કરવાની અને તેને ઉચ્છેરવાની કામગીરી માટે શપથ લેવડાવામાં આવી છે અને કેવી રીતે વૃક્ષોનું ઉચ્છેર કરી પર્યાવરણ સમતોલન કરી શકાય અને આવતી પેઢી માટે સારો પર્યાવરણનું નિર્માણ કરી શકાય તે માટે તેમને વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. આ સરસ પ્રવૃત્તિને સંસ્થાના ડીન પ્રો. પ્રભુલાલ કાસુન્દ્રાએ બિરદાવી હતી. કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું હતું અને મુખ્ય સહાયક તરીકેની ભૂમિકા રમેશભાઈ પટેલ, ડો. અરવિંદભાઈ રામી, ડૉ . જગદીશચંદ્ર સાવલિયા, ડો. વિજયભાઈ મકવાણા અને અન્ય અધ્યાપકોએ નિભાવી હતી.